# True Credits Private Limited

# E-NACH જાહેરનામું - નિયમો અને શરતો

**દસ્તાવેજ ક્રમાંક: TC-ENDTC**

# દસ્તાવેજની વિગતો

| ચોક્કસ બાબતો | વિગતો |
| --- | --- |
| મથાળું | E-NACH જાહેરનામું/નિયમો અને શરતો |
| વર્ગીકરણ | જાહેર |
| વર્ણન | E-NACH જાહેરનામું/નિયમો અને શરતો |
| ને આધીન | કાયદાકીય, પૂર્તિ અને નિયમનની બાબતોનું ખાતું |
| માલિક | કાયદાકીય, પૂર્તિ અને નિયમનનઇ બાબતોનું ખાતું |

1. તમે ખાતામાં ઉધારવા માટે અધિકૃત કરી રહ્યાં છો તે બેંકની પોલિસી અનુસાર નીમેલી બેંક દ્વારા એક વખતનો મેન્ડેટ નોંધણી દર (જો કોઈ છે તો ) ઉધારવા માટે સંમત થાઓ છો.

2. તમે જે પ્રમાણે સંમત થયા અને અધિકૃત સૂચનાના આધારે, તમારા નીમેલા બેંક ખાતાને ઉધારવા માટે ટ્રુ ક્રેડિટને અધિકૃત કરી રહ્યાં છો.

3. આ e-NACH મેન્ડેટ તમારા ટ્રુ ક્રેડિટ્સ લોન ખાતા સાથે જોડેલ તમારા નીમેલા બેંક ખાતામાંથી ભંડોળને ઉધારવા માટે તમારી તરફથી ટ્રુ ક્રેડિટ્સ માટે ઓટો ઉધારવાની અધિકૃતતા છે. ટ્રુ ક્રેડિટના એવા તમામ ગ્રાહકોને આ સુવિધા આપવામાં આવશે, કે જેમની પાસે e-NACH મેન્ડેટ ખોલવાની આવી સેવાઓ પૂરી પાડતી NPCI (નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા) સાથે નોંધાયેલ/ભાગીદારીવાળી બેંકોમાં બેંક ખાતા છે.

4. E-NACH આદેશની રચના ફક્ત પસંદગીના માપદંડ પર આધારિત છે, જેને તમારા દ્વારા પસંદ કરવામાં આવ્યાં છે. તમે પસંદ કરેલ/અધિકૃત કરેલ કાયમી સૂચનાઓને વિવિધ સમયગાળા માટે પસંદ કરી શકાય છે જેમ કે (a) સાપ્તાહિક; (b) માસિક; (c) આંતરે મહિને; (d) ત્રિમાસિક; (f) અર્ધવાર્ષિક; અથવા વાર્ષિક (જે પ્રમાણે લાગુ પડે છે તેમ). જો તમારી પાસે એનએસીએચ મેન્ડેટ ઓટો ડેબિટ જરૂરિયાતોને પહોંચી વળવા માટે તમારા નીમેલા બેંક ખાતામાં પૂરતું ભંડોળ નથી, તો કૃપા કરીને ટ્રુ ક્રેડિટ્સની ગ્રાહક સપોર્ટ ટીમનો સંપર્ક કરો.

5. તમારી બેંકને વિનંતી કરીને કોઈપણ સમયે e-NACH આદેશને રદ કરવાનો વિકલ્પ તમારી પાસે છે કે જેની સાથે તમે તમારું નીમેલું બેંક ખાતું ધરાવો છો. 30 દિવસની અગાઉ લેખિતમાં ટ્રુ ક્રેડિટને સૂચના આપ્યા વિના જ્યારે લોન બાકી છે ત્યારે તમે તમારું બેંક ખાતું બંધ કરશો નહીં અથવા E-NACH/અન્ય આદેશને પાછો લઈ શકશો નહીં, અને જો આવું બેંક ખાતું બંધ થઈ ગયું હોય, તો તમારે યોગ્ય રીતે અવેજી e-NACH / અન્ય આદેશને જે પ્રમાણે ટ્રુ ક્રેડિટ્સ દ્વારા નિર્દેશ કરવામાં આવે તે પ્રમાણે બદલવો પડશે. મહેરબાની કરીને નોંધ કરો કે e-NACH આદેશનો આવો અનધિકૃત રીતે પાછો લઈ લેવો તે પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એક્ટ 2007ની કલમ 25નું ઉલ્લંઘન છે અને કાનૂની કાર્યવાહી માટે જવાબદાર છે.

6. NPCI અને RBI ની માર્ગદર્શિકા અનુસાર કોઈપણ કાનૂની અથવા પ્રક્રિયાગત પરિણામોને ટાળવા માટે, ભરણા સમયે, તમારા નીમેલા બેંક ખાતામાં પૂરતા પ્રમાણમાં ભંડોળ જળવાઈ રહે તે કૃપા કરીને સુનિશ્ચિત કરો. તદ ઉપરાંત , જો તમારા બેંક ખાતામાં અપૂરતી સિલકને કારણે ઓટો ડેબિટ નિષ્ફળ જાય, તો તમારી બેંક તેના માટે બેંકની લાગુ નીતિ મુજબ બાઉન્સિંગ ફી વસૂલ કરી શકે છે. આ શુલ્ક વસૂલવામાં ટ્રુ ક્રેડિટની કોઈ ભૂમિકા નથી. વધુ વિગતો જાણવા માટે કૃપા કરીને તમારી બેંકના શુલ્ક શેડ્યૂલ તપાસો.

7. કોઈ જ બાઉન્સિંગ ચાર્જ ટ્રુ ક્રેડિટ્સ દ્વારા લેવામાં આવતો નથી, તેમ છતાં , જો બાકી રકમ નિયત તારીખે ચૂકવવામાં ન આવે તો, ગ્રાહકોને ટ્રુ ક્રેડિટ્સ દ્વારા દંડની ફી લગાવવામાં આવશે.

8. NPCI ની વેબસાઈટ (www.npci.org.in) પર સમયે સમયે આવી સેવાઓ આપતી બેંકોની યાદી અપડેટ કરવામાં આવશે. NPCI સાથે નોંધાયેલ/ભાગીદારીવાળી બેંકોની યાદી કોઈપણ સમયે, NPCI ની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી, કોઈપણ કારણ આપ્યા વિના, મોડીફાઈ કરી/બદલી શકાય છે. ટ્રુ ક્રેડિટ્સ તેની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી, કોઈપણ કાર્યવંત અસુવિધાઓના કિસ્સામાં, સમયે સમયે e-NACH મેન્ડેટ બનાવવાની સેવાઓ પૂરી પાડતી બેંકોની યાદીમાં ફેરફાર/બદલ કરી શકે છે.

આવા કોઈપણ કિસ્સામાં કે જ્યાં ટ્રુ ક્રેડિટ્સે તેના પ્લેટફોર્મ પર NACH મેન્ડેટ સેવાઓ પૂરી પાડતી બેંકોની યાદીમાં ફેરફાર કર્યો હોય, તો ટ્રુ ક્રેડિટ્સ ગ્રાહકોને તેની જાણ કરશે.

9. બેંકો તેમની પોતાની માન્ય થયેલી બાબતો અને આંતરિક પ્રક્રિયાઓના આધારે જે ટ્રુ ક્રેડિટના નિયંત્રણમાં નથી તેવા કોઈપણ e-NACH આદેશને નકારી શકે છે. આવા અસ્વીકારના સંદર્ભમાં ટ્રુ ક્રેડિટ્સ વાતચીત કરવા અથવા કોઈપણ પરિણામી દાવા અથવા ફરિયાદો માટે જવાબદાર નથી

10. તમે સમજી ગયા છો કે આ આદેશને રદ/સુધારવા માટે તમે ઉધારવાને અધિકૃત કર્યું છે ત્યાં તમે રદ કરવાની/સુધારાની વિનંતીને યોગ્ય રીતે વાતચીત કરીને કરવા માટે અધિકૃત છો.

11. જો આ કહેવાતા e-NACH સંબંધિત કોઈ પ્રશ્ન હોય, તો ગ્રાહક ટ્રુ ક્રેડિટની ગ્રાહક સપોર્ટ ટીમનો સંપર્ક કરી શકે છે.